ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૧૨-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

દેશ બદલાવ માટે તત્પર છે

દેશમાં દશે દિશાઓમાં કોલાહલ છે. રાજકારણ, શિક્ષણ, ધર્મ, અર્થકારણ, ઉદ્યોગ, વહીવટ, સુરક્ષા જેવા અનેક વિષયો સમસ્યાઓથી છલોછલ છે. દેશવાસીઓ તંગ છે. સમાધાન માટે શાસન અને સમાજ આકુળ-વ્યાકુળ છે. કોઈ નવી આશા અને અરમાનોનાં અંકુરો ફૂટે છે તો કયાંક આશાઓ પર પાણી ફરી વળે છે કયાંક સમસ્યાઓના ઉકેલ શોધવાની મથામણ થાય છે તો કયાંક સમસ્યાઓના મંડાણ થઈ રહ્યા છે. ભ્રષ્ટાચાર અને ગરીબી જેવા જીવલેણ દર્દો જનજીવનને કોરી રહ્યા છે. દેશવાસીઓને માથે ચુંટણીના નગારા વાગી રહ્યા છે ત્યારે કોઈ નવો માર્ગ, કોઈ નવી દિશા, કોઈ ક્રાંતિકારી કદમની રાહ જોવાઈ રહી છે. વિકલ્પોની શોધ છે અને સંકલ્પો માટે મથામણ છે. આ વિચિત્ર વળાંકો પર આખો દેશ બદલાવ ઝંખી રહ્યો છે.

લોકસભાની ચુંટણી માત્ર ગણતરીના મહિનાઓમાં લોકશાહીના નારા સાથે આવી પહોંચશે. ચારે તરફ ભાષણોનો ધોધ વહે છે. પ્રવચનોની ભરમારમાં નાગરિકો અટવાયા છે પરંતુ આ વચનોમાં શ્રદ્ધાનો સંચાર અનુભવે છે. ૧૧ મહિના પહેલા રાજકીય ક્ષેત્રે ઉદય પામેલ 'આમ આદમી પાર્ટી' એ નવી આશાઓ જન્માવી છે. સ્વચ્છ અને સાદગીસભર વહીવટને ચરીતાર્થ કરવાની મક્કમતાને દિલ્હીવાસીઓએ વધાવી છે. દેશનાં સર્વોચ્ચ રાજકીય નેતાઓ જે શહેરમાં રહે છે એ શહેરના લોકોએ અનુભવીઓને હાંસિયામાં મૂકી કોરી સ્લૅટ જેવા નવા નિશાળીયાઓને સત્તા સુધી પહોંચાડ્યા એ સાબિત કરે છે કે પ્રજા બદલાવ ઝંખે છે. ચીલાચાલુ આપેક્ષોથી ભરપુર ગાળાગાળીઓ નહી પણ નક્કર પ્રજાલક્ષી વાતોને સૌ એકી અવાજે વધાવે છે. સાદગીની વાતો નહીં પરંતુ સાદગીને ચરિતાર્થ કરી બતાવતા આમ આદમીના નવા નિશાળીયાઓને પ્રજાએ ખોબે ખોબે મત આપીને કામગીરી કરવાની તક અને પડકાર બંને આપ્યા છે. આમાં રાજકીય પક્ષો માટેનો ધિક્કાર અને નવા પક્ષોને આવકારની વાત એક મિનિટ માટે ભૂલી જઈએ તો એ સ્પષ્ટ થાય છે કે દેશના નાગરિકોને હવે બદલાવ જોઈએ છે અને આજની આ નાનકડી વાત આવતીકાલે વ્યાપક ફલક પર આકાર પામે તેમાં કોઈ આશ્ચર્ય હવે દેખાતું નથી.

માત્ર રાજનીતિની જ વાત નથી. શિક્ષણ અને ધર્મમાં પણ ઘર કરી બેઠેલા ભ્રષ્ટાચાર અને ગેરરીતીથી દેશવાસીઓ ગળે આવી ગયા છે. લાખો-કરોડો ભાવકોને જુદી-જુદી રીતરસમોથી મૂર્ખ બનાવતા સાધુ-સંતો જેલમાં જાય-સજા પામે તો પણ સમાજને કાંઈ દુઃખ કે દર્દ અનુભવાતુ નથી. ધર્મમાં પણ આમુલ પરિવર્તન અપેક્ષિત છે. આજે રૂઢિગત સમાજ પણ સારી ભાષામાં, સારી લઢણથી બોલાયેલા પ્રવચનોની આરપાર જોવાની ક્ષમતા કેળવી શકે છે. લાખો રૂપિયાના ડોનેશનથી એડમિશનો મેળવવાની પ્રક્રિયા સામે બંડ પોકારવા સમાજ હવે તૈયાર થયો છે. શિક્ષણના નામે ધંધો ચલાવતા કહેવાતા શિક્ષણશાસ્ત્રીઓ સામે ઠેર-ઠેર સમાજ લાલઘુમ બની રહ્યો છે અને વાત હવે દૂર નથી લાગતી કે માત્ર ડિગ્રીઓના સૌદા કરતી શિક્ષણ સંસ્થાઓ કે શિક્ષણના નામે કરોડોના કોથળા ભરતા ધંધાદારીઓ સામે ફીટકાર વરસાવાશે. વાત અર્થકારણની હોય કે સમાજકારણની, વાત ભ્રષ્ટાચારની હોય કે સુરક્ષાની હવે લુખ્ખા વચનોથી ભોળવાય તે વાતમાં માલ નથી. ભ્રષ્ટાચારથી તંગ આવી ગયેલી પ્રજા ઉપગ્રહ બને એવું ઈતિહાસે નોંધ્યું છે. દુનિયાના દેશોમાં બન્યું છે અને વાત આપણા આંગણે પણ બનશે એમાં મીનમેખ નથી.

દેશમાં નવી પેઢી નવા વિચારો સાથે નેતૃત્ત્વ માટે તત્પર બની રહી છે. ભ્રષ્ટાચાર સામેના અન્ના હજારેના જંગને મળેલું સમર્થન અને યુવાનોની સામેલગીરી આ વાતને સ્વીકારે છે.

ભાજપ-કોંગ્રેસના ભીષણ ચુંટણી જંગમાં દેશનાં હૃદયસમા દિલ્હીમાં 'આપ'નો ઉદય આ સમજણનો અણસાર બતાવે છે ખોટાને ખોટું કહેવાનું એ સાચાને સાચા તરીકે સ્વીકારવાનું નવી પેઢીને ગમે છે. પારદર્શકતાને નેતૃત્વનો પાયાનો સિદ્ધાંત બનાવવો જોઈએ. લાલચ અને લોભમાં ફસાયા, અટવાયા વિના નિર્ભિકતાથી પરિવર્તનનું એક મોજુ ધીમી પણ મક્કમ ગતિએ આકાર લઈ રહ્યું છે. કદાચ આજે એ સમજાશે નહિ પરંતુ આવતીકાલે એ હકીકત બનીને ઊભું રહેશે એ વાત એટલી જ સાચી છે કોઈ પણ ક્ષેત્રમાં કોઈ પણ સ્તરે ભ્રષ્ટ રીતિ-નીતિઓ સામે અવાજ ઉઠાવવાનો સમય આવી પહોંચ્યો છે. આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય, આ સંપ્રદાય હોય કે પેલો સંપ્રદાય હોય, આ શિક્ષણ સંસ્થા હોય કે પેલી... સૌએ સાનમાં સમજવાની ઘડીને સમજવી પડશે. દેશનો એક મોટો વર્ગ વર્તમાન સ્થિતિ-પરિસ્થિતિ સામે પડકાર આપવા થનગને છે. જો અસરકારક અને પારદર્શક નેતૃત્વનો અહેસાસ જયારે પણ અનુભવાશે ત્યારે અનિષ્ઠો અને ભ્રષ્ટાચારીઓ ભોંય ભેગા પટકાશે અને એ જ સમયે 'સત્યમેવ જયતે'ના આપણા રાજધર્મના સૂત્રને ચરિતાર્થ થવાની શુભ ઘડીનો અહેસાસ થશે. આ માત્ર કલ્પના નથી, આ માત્ર સ્વપ્ન નથી, ભારતના નવયુવાનોમાં ફુટતી કુંપળોની આ તસ્વીર છે. ભવ્ય અને સજ્જ આવતીકાલનો અણસાર છે. દેશ આખો બદલાવ માટે તત્પર બની ગયો છે.

અક્ષયપાત્ર સંસ્થા દ્વારા યોજાયેલ વિવિધ સ્પર્ધામાં સે-૮ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વિજેતા

ગાંધીનગર, તા.૩૦

સરકારી પ્રાથમિક શાળાઓમાં ભોજન પિરસતી અક્ષયપાત્ર સંસ્થા દ્વારા સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓની સ્પર્ધા યોજવામાં આવીહતી.

અક્ષયપાત્ર સંસ્થા સરકારી પ્રાથમિક શાળાના બાળકોને બપોરના ભોજનની સાથે વર્ષમાં એક વખત બાળકોની શકિત બહાર લાવવાના હેતુ સાથે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે સંગીત, ડાન્સ, ચિત્ર, રંગ પૂર્ણી સ્પર્ધા યોજવામાં આવી હતી.

સ્પર્ધામાં સે-૮ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સુનિતા રાવળ, ઋષિતા ચારલ, સોનલ ઠાકોર, ખુશી પરમાર, વિશાલ લામકા, આરતી ઠાકોર, જગદેવ, જીજ્ઞેશ અને ભૂમિએ ભાગ લઈ વિજેતા થયા હતા. તમામ વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને મેડલ આપી નવાઝવામાં આવ્યા હતા.

ચેન્નાઈ ખાતે લોન ટેનિસ સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૩૦

ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ રાજય કક્ષાની લોન ટેનિસ ડબલ્સ સ્પર્ધામાં શહેરમાં અતુલ બક્ષી અને શિરીષ સુતરીયાએ બીજું સ્થાન મેળવી સિલ્વર મેડલ મેળવ્યો છે. બંને ખેલાડીઓ ચેન્નાઈ ખાતે યોજાનાર અખિલ ભારતીય મુલ્કી લોન ટેનિસ સ્પર્ધામાં સરકારી ટીમમાં ભાગ લેશે. અગાઉ યોજાયેલ ખેલ મહાકુંભ ૧૧માં ડબલ્સમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.



એનએસએસના વિદ્યાર્થીઓ-દર્શકો અભિભૂત

સ્વામી વિવેકાનંદ નાટકનો દંતાલી ગામમાં શો યોજાયો

સ્વામી વિવેકાનંદ વિશેની ઘણી નવી વાતો આ નાટકના માધ્યમથી જાણવા મળી હોવાનો પ્રેક્ષકોનો પ્રતિભાવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક સ્વામી વિવેકાનંદનો બીજો પ્રયોગ દંતાલી ગામે યોજવામાં આવ્યો હતો, જ્યાં યુવા વિદ્યાર્થીઓનો ભરપૂર પ્રતિસાદ તેને સાંપડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી આ નાટક તૈયાર કરવામાં આવ્યું છે અને તેનો પ્રથમ શો નાતાલના પવિત્ર પર્વ નિમિત્તે દહેગામ ખાતે યોજવામાં આવ્યો હતો, જ્યાં ચારસોથી વધુ નાગરિકોને વ્યસન મુક્તિ અંગેના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. એ પછી સતત બીજા દિવસે એટલે કે તા. ૨૬ના રોજ આ નાટકનો બીજો શો શિવાશ્રમ આશ્રમ, દંતાલી ખાતે યોજવામાં આવ્યો હતો.

ઍલિસબ્રિજ, અમદાવાદ ખાતે કાર્યરત મેનાબા બબાભાઈ રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજય મહાવિદ્યાલયના ઉપક્રમે ગુજરાત યુનિવર્સિટી શહેરી વિભાગનો વિભાગીય એનએસએસ સેમિનાર શિવાશ્રમ આશ્રમ, દંતાલી ખાતે તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર દરમ્યાન શિવાશ્રમ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સેમિનાર દરમ્યાન તા. ૨૬ ડિસેમ્બરના રોજ રાત્રે ૯ કલાકે સ્વામી વિવેકાનંદ નાટકનું મંચન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાટ્ય કલાકારોને પ્રોત્સાહન આપવા ગાંધીનગરના જાણીતા નાટ્યકાર હસમુખ મૅકવાન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નાટકના પ્રારંભ અગાઉ એનએસએસનાં પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. ભાગીરથી ભટ્ટે હસમુખ મૅકવાન તથા કુંતલ નિમાવતનું સુતરની આંટીથી સ્વાગત કરી તેમનો પરિચય વિદ્યાર્થીઓ તથા પ્રેક્ષકોને આપ્યો હતો. હસમુખ મૅકવાને પોતાની લાક્ષણિક અદામાં શેર-શાયરીભર્યું પ્રોત્સાહક પ્રવચન આપી સૌને ખુશખુશાલ કરી દીધા હતા.

એ પછી ગીત-સંગીત અને યાદગાર સંવાદોથી સભર અને પંદર કલાકારો દ્વારા અભિનિત નાટક 'સ્વામી વિવેકાનંદ'નો પ્રયોગ યોજાયો હતો, જેને ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને પ્રેક્ષકોએ રસપૂર્વક નિહાળ્યો અને સરાહ્યો હતો. આ નાટકના માધ્યમથી સ્વામી વિવેકાનંદ વિશેની ઘણી નવી વાતો જાણવા મળી હોવાનો એકરાર પ્રેક્ષકોએ કર્યો હતો.

હરિની દ્રષ્ટિ...

સાહેબ, હું તો એ જ જૂના યજ્ઞમાં જ છું આતો ઠંડી બહુ લાગે છે એટલે શાલની ઉપર ટોપી પહેરી લીધી...!!

ગુજરાત એન.એસ.એસ. ટીમના લીડર તરીકે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા.૩૦

એ.એ. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ એફિસર અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રોગ્રામ કો ઓર્ડિનેટર ડૉ. રણછોડ રથવીની એન.એસ.એસ. રીજીયોનલ સેન્ટર દ્વારા આર.ડી. કેમ્પ માટે તા. ૩૧ ડિસેમ્બરથી ૩૧ જાન્યુઆરી-૨૦૧૪ સુધી ગુજરાતના દલ પ્રભારી તરીકે પસંદગી કરવામાં આવી છે.

ડૉ. રથવી ગુજરાતના આઠ અને દમણના ચાર વિદ્યાર્થીઓના નેતા તરીકે પસંદગી પામ્યા છે.

તેમજ ભારતીય યુથ દિવસમાં ભારતમાં પ્રતિનિધિ તરીકે પસંદગી કરવામાં આવી છે.

બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે DIL AT WORK વિષય પર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

મેનેજમેન્ટ એસોસિએશન અમદાવાદ દ્વારા તાજેતરમાં વિદ્યાર્થીઓના ઉત્થાન માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભોળાભાઈ પટેલ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

તા. ૨૭ ડિસેમ્બરના રોજ યોજાયેલ વર્કશોપમાં શહેરના સે-૨૩ ખાતે આવેલી બી.પી.કોલેજ ઓફ બિઝનેસના ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપમાં પેપ્સીકો ઈન્ડિયાના ચેરમેન અને સી.ઈ.ઓ. શિવકુમારે વિદ્યાર્થીઓને કૈંન છુ ઉંઈન્દ્ર વિષય પર મહત્વપૂર્ણ વકતવ્ય આપ્યું હતું.

વર્કશોપમાં બિઝનેસ વિષય પર વ્યવસાયની સ્થાપના તેમજ વિવિધ પડકારો અને નિરાકરણનું ચાવીરૂપ સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં ડો. જયેશ તન્ના, પ્રો. જયોતિ નહેરા અને પ્રો. આશીષ ભુવા ઉપસ્થિત રહ્યા હતાં.

આર્ટ લવર્સ કલબ વર્ષ ૨૦૧૪ને આવકારશે

ગાંધીનગર, તા.૩૦

આર્ટ લવર્સ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૪ને આવકારવાનો કાર્યક્રમ આર્ટ લવર્સના સભ્યો માટે યોજવામાં આવશે.

શહેરની આર્ટ લવર્સ સંસ્થા દર વર્ષે પોતાના સભ્યો માટે ૩૧ ડિસેમ્બરની રાત્રિએ નવા વર્ષને આવકારવાનું આયોજન કરે છે. જેમાં આ વર્ષે પણ ૩૧ ડિસેમ્બરની રાત્રે બોહરા સ્ટુડિયો ખાતે સાંજે ૭-૦૦ કલાકે ઝાકમઝોળ રોશનીમાં ડી.જે.ના તાલે વર્ષ ૨૦૧૪ને પરિવારના સભ્યો સાથે આવકારશે તેમ સંસ્થાના પ્રમુખ ગનીભાઈ વાડિયાએ જણાવ્યું છે.

કડી સંકુલમાં આવેલી જે.બી. પ્રાથમિક શાળા સે-૨ ૩માં પૂ. દાસકાકાની સ્મૃતિમાં શિયાળુ રમતોત્સવ અને બાલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાની અભિનય ક્ષમતા બતાવી હતી. આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા બાળકોને બિરદાવ્યા હતા.

સફાઇની કામગીરી તરફ પુરતું ધ્યાન આપવામાં આવે તો જ ગાંધીનગરમાં દાખલ થનાર માટે 'ગુજરાત રાજયના સ્વચ્છ અને હરિયાળા પાટનગરમાં આપનું સ્વાગત છે' એ સૂત્ર સાર્થક થાય

ચર્ચા સભા

ભગવાનભાઇ ગોહેલ

કોઈ પણ ગામ કે શહેરમાં સફાઈ એ અગત્યની બાબત છે. તેમ છતાં તેમાં પ્રત્યે ઘોર દુર્લક્ષ સેવવામાં આવે છે. એ પણ હકીકત છે. આ ગંદકીનું સામ્રાજય રાષ્ટ્રીય કક્ષાએ ભ્રષ્ટાચારની જેમ જ વ્યાપ્ત છે. ભ્રષ્ટાચાર દૂર કરવા માનસિકતાની જરૂર પડે છે જયારે કચરારૂપી ગંદકી દૂર કરવામાં માટે માત્ર ઝાડું અને સામાન્ય વાહનની જરૂર પડે છે, તેમ છતાં તે કામ આપણે કરી શકતા નથી એ રાષ્ટ્રીય શરમની વાત છે! રાષ્ટ્રીય ભ્રષ્ટાચારની સફાઈ માટે લોકો કેટલા જાગૃત છે કે 'ઝાડુ'ના પ્રતિક ઉપર 'આમ આદમી પાર્ટી' જેવો નવો જ પક્ષ દિલ્હીમાં સરકાર બનાવવા તરફ જઈ રહ્યો છે. પણ હા, ગંદકી દૂર કરવા તરફ કોઈને રસ નથી! સામાન્ય માણસ નાક દબાવીને જે રીતે પસાર થાય છે એ જ રીતે શાસકો પણ નાક દબાવીને પસાર થઈ જાય છે. આ ગંદકી દૂર કરવાનાં કાયમી ઉપાયો વિચારવામાં જ આવતાં નથી એ ખેદની વાત છે.

ગાંધીનગર માટે એવું અવલોકન કરી શકાય કે જયારે અહીં સ્વાયત્ત સંસ્થા ન હતી ત્યારે સફાઈ વગેરેની કામગીરી સીધી જ સરકારની ખાતા મારફતે થતી હતી અને તે અત્યાર કરવા સારી હતી. તેમ કહેવામાં સહેજે ઓતિશયોક્તિ નથી! હક્કની રૂએ સ્વયાત્ત સંસ્થા જરૂરી હતી. પણ કોઈ જ સંસ્થા અસ્તિત્વમાં ન હોય ત્યારે જરૂરી બનત. ખેર હવે સ્વાયત્ત સંસ્થા અસ્તિત્વમાં આવ્યાને અઢી વર્ષ જેવો સમય થયેલ હોવા છતાં ઉડીને આંખે વળગે તેવી કોઈ કામગીરી જોવામાં આવતી નથી. ઉપરથી શહેરમાં કચરાનાં ઢગલાં, રખડતાં ઢોરો, જાહેર શૌલાયમાં તો જઈ જ ન શકાય તેવી ગંદકી અને ઠેર ઠેર દબાણો, જાહેર સ્થળોએ તો પ્લાસ્ટિકનો અને અન્ય કચરો જોઈને જ કોઈ પણ સુજ્ઞ નાગરિકનું હૃદય દ્રવી જાય તેવી હાલત છે. આપણે વાતો પરદેશની કરીએ છીએ પણ ઘર આંગણે જેનો અમલ કરતા નથી. ભારતીય નાગરિક પરદેશમાં જાય છે ત્યારે ચોકલેટનુ કાગળિયું પણ ખીસ્સામાં રાખીને ફરે છે પણ એ જ નાગરિક અહિં વિમાનમાંથી ઉતરે કે તરત જ કાગળનો ડૂચો ગમે ત્યાં નાખવા લાગે છે. કસૂર બંને પક્ષે છે. શાસન કડકાઈ કરતું નથી અને નાગરિક પોતાની ફરજ બજાવતો નથી. પછી જે થવું જોઈએ એ જ થાય છે. ઠેર ઠેર ગંદકીના ઢગલા થાય છે. ગાંધીજી સ્વચ્છતાનાં આગ્રહી હતા, પોતે જ સફાઈનું કામ કરી નાખતાં હતા. તેમનાં નામનાં ગાંધીનગરમાં તેનો અભાવ જોઈને તેઓ પણ નારાજ હશે! પહેલાં બાળકોને સ્વચ્છતાનાં પાઠ ભણાવવામાં આવતાં, તેના તરફ સુગ બતાવવામાં આવે છે.

ગાંધીનગરમાં સ્વાયત્ત સંસ્થા અસ્તિત્વમાં આવી તે સારી વાત છે. કયો પક્ષ સત્તામાં છે તે અલગ વાત છે. નાગરિકને તો કામો થાય એ અગત્યનું છે. શહેરની સફાઈ એ બધા જ કામોનાં સરવાળા બરાબર છે. તે સ્થાનિક નાગરિક હોય કે બહારથી આવેલ હોય કે પરદેશથી આવેલ હોય તે દરેકને આ સફાઈની કામગીરી તરત જ દેખાઈ આવે છે. આ સફાઈની કામગીરીને મેનેજમેન્ટ કહો કે માર્કેટિંગ કહો જે કહેવું હોય તે કહો, શહેરની સફાઈ દ્વારા ઓછા ખર્ચે બહોળી પ્રસિદ્ધિ મળી શકે તેમ છે. આ માટે માનવીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાહેબ પાસેથી પાઠ ભણવા માટે આપણે બીજા રાજયમાં જવું પડે તેમ નથી, તેઓ અહીં જ છે અને આપણે પણ અહીં જ વડાપ્રધાનનાં ઉમેરવાર તરીકે આગળ વધી રહ્યા છે તે સારી વાત છે.

સફાઈ માટે પુરતાં કામદારો નથી અને જે છે તે પુરતાં હાજર રહેતા નથી તેમ કહેવું એ બરાબર નથી. આ માટે સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવી જ જોઈએ. પ્રશ્ન એ છે કે સફાઈ કામદારોનો ઘટતો પ્રશ્ન છે. ત્યારે રૂા. ૪૫ થી ૫૦ લાખના ખર્ચે સફાઈના બે વાહનો ખરીદવામાં કોઈ તકલીફ નથી! આ વાહનો માત્ર માટી સાફ કરે છે જે પરદેશમાં રસ્તાઓ માટે બરબર છે, ત્યાં અહીંની જેટલી માટીનો પ્રશ્ન જ હોતો નથી. ત્યાં સાવ સામાન્ય માટી હોય છે. બાકી અહીંની માટી સામે આ મશીનો લાચાર સાબિત થાય છે. 'ચ' રોડ અને મહાત્મા મંદિર સિવાયનાં આડા અને ઊભા રોડ અને સેકટરોનાં આંતરિક રસ્તાઓ જુઓ તો ખ્યાલ આવે કે અહીં તો માણસ જ કામ કરી શકે, જયાં કાયમી ધોરણે અડધા રોડ તો માટી હેઠળ જ ઠંકાયેલા હોય છે. અહીં મશીનની નહીં માનવ રોજગારીનો પ્રશ્ન છે. ત્યારે મોંઘા મશીનો દ્વારા રોજગારીનો અભાવ ઊભો કરવામાં આવે છે તે આપણા અર્થતંત્રને માફક આવે તેમ નથી. એક કરોડ રૂપિયાનાં વ્યાજમાં જ ઘણાં બધા કામદારોન રોજી આપી શકાય અને મશીન કરતાં વધુ સારી સફાઈ થઈ શકે. આ સાધનો જયાં જરૂરી છે ત્યાં બરાબર છે. અહીં પરિસ્થિતિ એવી છે કે જો સફાઈ કામદારોની ભરતીની જાહેરાત કરવામાં આવે તો સ્નાતકો પણ તેમાં અરજી કરે તેવી સ્થિતિ બેરોજગારોની છે. માણસોને રોજગારી મળે એ બાબતને અગત્યતા આપવાની જરૂર છે.

સફાઈની કામગીરીનો અભ્યાસ કરવા બીજા રાજયોમાં કે પરદેશ જવાની જરૂર નથી. હિંમતનગર જેવા શહેરમાં નિયમ સમયે અને નિયત સ્થળે ટ્રોલીવાળું ટ્રેકટર સફાઈ કામગાર સાથે આવે છે અને સ્કૂલમાં હોય તો તેવો ઘંટ વગાડે છે. જેથી વસાહતીઓને જાણ થાય કે કચરો લેવા માટે વાહન આવેલ છે. સૌ પોતપોતાનો કચરો જે દિવસ દરમિયાન ભેગો કરેલો હોય છે તે તેમને સોંપી દે છે. તેનો નિયત જગ્યાએ નિકાલ કરવામાં આવે છે. આવી સાદી વ્યવસ્થા ઘણા શહેરોમાં જોવામાં આવે છે. નાના એવા ચુડા અને બરવાળામાં પણ સવારના સાત વાગ્યે સફાઈ થઈ જાય છે અને ગામ ચોખ્ખું દેખાય છે. જો ત્યાં આ શક્ય બને છે તો ગાંધીનગરમાં પણ તે શક્ય બની શકે. આવા સરળ કામ માટે કોઈ મોટી વહીવટી માળખાની પણ જરૂર નથી. લોકોએ પોતાનો કચરો દિવસ દરમિયાન યોગ્ય જગ્યાએ નાખ્યો હોય તો ઠીક છે તે શક્ય ન થઈ શક્યું હોય તો તે ભેગો કરી રાખવાનો રહે છે અને ટ્રેકટર કે અન્ય વાહન આવે ત્યારે આપવાનો રહે છે. દરમિયાન સફાઈ કામદારો શહેરની સફાઈની કામગીરી તો કરતા જ રહે છે. હા! આ માટે નક્કર કામગીરીનું આયોજન જરૂરી છે. આ સફાઈની કામગીરી તરફ પુરતું ધ્યાન આપવામાં આવે તો જ ગાંધીનગરમાં દાખલ થનાર માટે 'ગુજરાત રાજયના સ્વચ્છ અને હરિયાળા પાટનગરમાં આપનું સ્વાગત છે' એ સૂત્ર સાર્થક થાય.

અહીં તો માહોલ કંઈક અલગ છે. ઘર આંગણે જ જો કચરો નાંખી શકાતો હોય તો દૂર કોણ જાય! આ પ્રશ્નના નિવારણ માટે દરેક ઘર દીઠ કચરો ભેગો કરવાનું સાધન આપી શકાય. અને તે નિયમિત લઈ જવાનું ગોઠવી શકાય. જેથી જયાં કચરો નાંખવાનો પ્રશ્ન હલ થઈ શકે.

સરકારી વિભાગો દ્વારા ગટર સાફ કર્યા બાદ કચરો ત્યાંને ત્યાં જ છોડી દેવામાં આવે છે. એ જ રીતે ઝાડની, બગીચાના કે રોડ વચ્ચેના ઝાડની કાંપણી કરીને તેનો કચરો પણ ત્યાં જ છોડી દેવામાં આવે છે. રોડના કામવાળા વધારાનો માલસામાન જે તે જગ્યએ છોડી દે છે. એજ રીતે જાહેર બાંધકામ કે ખાનગી બાંધકામવાળા મન ફાવે તેમ બાંધકામની સામગ્રી રાખે છે તેનાથી અડચણ ઊભી થાય છે અને ગંદકીમાં પણ વધારો થાય છે. આ માટે નોટિસ પાઠવીને સફાઈમાં યોગદાન આપવા જણાવી શકાય અને છેલ્લાં પગલાં તરીકે આકરાં પગલાં લેવાની જરૂર પડે તો તે પણ લેવા જોઈએ.

પુરતા સફાઈ કામદારોની ભરતી કરવી એ પાયાની બાબત છે. પછી કામ ન થાય તો કયાંક વહીવટમાં ખામી છે એ નક્કી થાય. સેકટરો પ્રમાણે સફાઈ સમિતિઓ બનાવીને સફાઈ કામગીરીનું સતત અવલોકન કરીને નક્કર કામગીરી થાય તેવું આયોજન ગોઠવવું જરૂરી છે.

સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ દ્વારા ઝૂપડાંવાસીઓ દ્વારા થતી ગંદકીના ઉપાયો વિચારવા પડે. સેકટરના વસાહતીઓ દ્વારા જયાં અને ત્યાં કચરો નાંખવામાં આવતો હોય ત્યારે તેનાથી છૂટકારા માટે 'અહીં કચરો ન નાંખવો' ના પાટીયા લગાવવા પડે. આ બધું ત્યારે જ થાય છે જયારે તંત્ર પોતાની કામગીરી કરવામાં નિષ્ફળ જાય છે.

ગાંધીગનરના મુક્તિધામનો વહીવટ સામાજિક સંસ્થા નિભાવી રહી હોવાથી ત્યાં સુંદર વ્યવસ્થા એ ઉડીને આંખે વળગે તેવી ચોખ્ખાઈ જોઈ શકાય છે અને રંગબેરંગી ફૂલો અને બાગબગીચાની માવજત મન હરી લે છે. તેથી તે જોવાલાયક સ્થળોમાં તેની ગણના થાય છે. અહીં વખતો વખત ધાર્મિક અને અન્ય કાર્યકરો થાય છે તેની પાછળ તે સ્થળની વ્યવસ્થા અને સ્વચ્છતાં જ પાયામાં છે નહીં તો સ્મશાનમાં ભલા કોણ ફરવા જાય?

જાહેર સ્થળોએ ગમે ત્યાં કચરો નાંખવો એ સામાન્ય વાત છે. સરકારી કે ખાનગી કચેરીઓની દિવાલો ઉપર કર્મચારીઓ કે બહારથી આવનાર લોકો બેધડક રીતે પાનની પીચકારી મારે છે. તે ન થાય તે માટે દિવલો ઉપર દેવી-દેવતાઓનાં ચિત્રો દોરવામાં આવે છે. તે આપણી સ્વચ્છતાની ફરજ પ્રત્યે કેટલા બેદરકાર છીએ એ બતાવે છે.

વાસ્તવમાં હક્કની સમાંતર જ ફરજ આવે છે જો આપણે આપણી ફરજ બજાવીશું તો હક્ક માટે લડવું એ પણ એક ફરજનો ભાગ બની જશે.

આને ફરિયાદ કહો, સલાહ સૂચન કહો, ને કહેવું હોય તો કહો ક્ષમા સાથે સાદર.